R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાંનું સ્વીકાર ઉપાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 08 DATE: 24-02-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## કેન્દ્ર સરકારે ઢીલી નીતિ અપનાવી : પીએનબી કૌભાંડમાં સીટની તપાસ માંગનો કેન્દ્ર દ્વારા વિરોધ

૧૧,૩૦૦ કરોડના પીએનબી કૌભાંડમા આરોપી નિરવ મોદી અને મેહુલ ચોકસીને ઝડપથી પકડવાના બદલે કેન્દ્ર સરકાર દ્વારા ઢીલી નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે.નીરવ મોદી પ્રત્યાપર્ણ અને પીએનબી કૌભાંડમાં સ્વતંત્ર સીટ દ્વારા તપાસની માંગણી માટે જાહેર હિતની અરજીની સુનાવણી સુપ્રીમ કોર્ટમા હાથ ધરાઇ હતી.

ત્યારે કેન્દ્ર સરકારે અરજકર્તા દ્વારા કરાયેલી સીટની માંગણીનો વિરોધ કર્યો હતો.કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જ જણાવ્યુ હતું કે આ કેસમાં એફઆઇઆર નોધાઇ ચુકી છે અને વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ ચાલી રહી છે. તેથી કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે જણાવ્યુ હતું કે હું વિવિધ આધારો પર આ અરજીનો વિરોધ કરી રહ્યો છું.આ કેસમાં વિવિધ એજન્સીઓ તપાસ કરી રહી છે તેમજ એફઆઇઆર નોધાઇ ચુકી છે તેથી આ કેસમાં સીટ દ્વારા તપાસનો કોઇ મતલબ નથી.કેન્દ્ર સરકાર સીટની રચનાનો વિરોધ કરે છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની બેન્ચે જણાવ્યુ હતું કે અમે આ મામલામાં અત્યારે કશું કહેવા માંગતા નથી.

## પંજાબ નેશનલ બેન્કના કૌભાંડ બાદ ૧૮ હજાર કર્મચારીઓની બદલી

ગુજરાતીમાં ઉક્તિ છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ'. પંજાબ નેશનલ બેન્કમાંથી ૧૧,૩૦૦ કરોડ રુપીયાનું ફુલેકુ ફેરવીને નીરવ મોદી પલાયન થઇ ગયા.ત્યારબાદ બેન્કના વહીવટીતંત્રને લાગ્યું કે કંઇક કરવું જોઇએ અને તેમણે કર્મચારીઓની બદલી કરી નાંખી.કૌભાંડ બાદ બેન્કે અત્યાર સુધીમાં ૧૮ હજાર કર્મચારીઓની બદલી કરી નાંખી છે.નીરવ મોદી કૌભાંડ કેસમાં દરરોજ નવા પાસા ખુલી રહ્યા છે.ગીતાંજલી ગ્રુપના મેનેજર નીતિન શાહી અને સીએફઓ કપિલ ખંડેલવાલની ધરપકડ કરવામાં આવી છે.

નીતિને પીએનબીની બ્રેન્ડી હાઉસ બ્રાંચમાંથી એલઓયુ મેળવીને પ્રક્રિયા કરી હતી.આ એ જે એલઓયુ હતા જેનો બેન્કની સેન્ટ્લ બેન્કીગ સીસ્ટમમા કોઇ રેકોર્ડ ન હતો. નીતિન શાહી તા. ૫ માર્ચ સુધી સીબીઆઇ કસ્ટડીમાં રહેશે.

જ્યારે નીરવ મોદી સામે ઇન્કમ ટેક્ષ વિભાગે તપાસ શરુ કરી છે. ઇન્કમટેક્ષ વિભાગે જણાવ્યુ હતું કે જે રીતે દસ્તાવેજો મળી રહ્યા છે તેના પરથી એવું લાગી રહ્યું છે કે નીરવે મોટી કરચોરી કરી છે.આ ઉપરાંત તેને નોટિસ ફટકારવામાં આવી છે .બીજી તરફ ઇડીએ પણ નીરવ મોદીના અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે.ઘોડા છુટી ગયા પછી તબેલા પર તાળા મારવા સરકારી ખાતા ચાલુ પડી ગયા છે.

## યુપીમાં યોગી સરકારે પોલીસ અધિકારીઓને ગુનેગારોને ઠાર મારવાના આદેશથી ખળભળાટ

ઉત્તરપ્રદેશમાં થઇ રહેલા સતત એન્કાઉન્ટર્સથી મોત ભાળી ગયેલા ગુનેગારોનો શરણે આવી જવાનો ખેલ ચાલુ થઇ ગયો છે.યોગી સરકારે જિલ્લા પોલીસ અધિકારીઓને ગુનેગારોને ઠાર મારી દેવાનો આદેશ જારી કરતાં આ વર્ષે યોગી સરકારમાં ૧૨૪૦ એન્કાઉન્ટર્સ થયા છે. જેમાં ૪૦ ગુનેગારોને ઠાર કરાયા છે. જ્યારે ૩૦૫ ગુનેગારો ઘાયલ છે.યુપી ડીજીપી કાર્યાલયમાંથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર ૧૪૨ વોન્ટેડ ગુનેગારોએ રાજ્યોમાં કે રાજ્યની બહાર સરેન્ડર કર્યુ છે.તેના ગુનેગારો પણ સામેલ છે જેમના પર પોલીસે ઇનામ રાખેલું છે.

એન્કાઉન્ટર્સનો ભય એવો છે કે ૨૬ ગુનેગારો જામીન મળી જવા છતાં જેલ છોડવા તૈયાર નથી.૭૧ ગુનેગારોએ પોતાના બેઇલ બોન્ડસ કેન્સલ કરીને પરત જેલમાં પહોચી ગયા છે.એન્કાઉન્ટર્સના આદેશથી ગુનેગારો ગભરાયા છે.

## રાજ્યના લોકોને ન્યાય નહિં મળે તો પીડાદાયી સ્થિતિ સર્જાશે : ચંદ્રાબાબુ નાયડુ

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન.ચંદ્રાબાબુ નાયડુએ કેન્દ્ર સરકારને નવેસરથી ચેતવણી આપતાં કહ્યુ હતું કે રાજ્યના લોકોમાં કેન્દ્ર પ્રત્યે આક્રોશ વધ્યો છે.લોકોની લાગણીઓ ઘવાઇ છે અને તેમને ન્યાય નહીં મળે તો પીડાદાયક સ્થિતિ સર્જાશે.બેંગલુર ખાતે હિંદુ અખબાર દ્વારા આયોજિત બે દિવસના સંમેલનમાં ભાગ લેતાં ચંદ્રાબાબુ નાયડુએ ઉપર મુજબ કહ્યુ હતું.૬૬ વર્ષની વયે પહોચેલા નાયડુએ જણાવ્યુ હતું કે ૨૯ વાર દિલ્હીની મુલાકાત લઇને વડાપ્રધાન અને પ્રધાનોને મળ્યો છું પરંતુ વર્ષ ૨૦૧૪માં અલગ તેલંગાણાની રચના થયા પછી બાકીના રાજ્યને નાણાંકીય મદદ કરવા કેન્દ્ર સરકારે આપેલા વચન પુરા થયા નથી.નાયડુએ કહ્યુ હતું કે પક્ષ તેલુગુ દેશમ પાર્ટી કેન્દ્રમાં એનડીએ સરકારનો સાથી પક્ષ છે.દક્ષીણ ભારતમાં આ પક્ષ ભાજપનો સૌથી મોટો સાથે પક્ષ હોવા છતાં આંધ્ર પ્રદેશને વિશેષ દરજ્જો આપવાની માંગણીનો સ્વીકાર નથી થઇ રહ્યો. આંધ્રને વિશેષ દરજ્જો મળે તો રાજ્યને વિશાલ કેન્દ્રીય ભંડોળ મળવાની શક્યતા ખુલ્લી થાય તેમ છે.

ચંદ્રાબાબુ નાયડુને જ્યારે પુછવામાં આવ્યું કે કેન્દ્રને સમર્થનના મુદ્દે તેમણે કોઇ મુદત આપી છે ? જવાબમાં નાયડુએ કહ્યુ હતું કે એક વર્ષ અર્થાત ચુંટણી સુધીની મુદત છે.આમ એનડીએના સાથી પક્ષો હવે ભાજપને સમર્થનના મુદ્દે કસોટી પર ચડાવી રહ્યા છે. શિવસેનાએ તો ૨૦૧૯ની ચુંટણી એકલે હાથે લડવાની જાહેરાત કરી નાંખી છે.

## વિકાસલક્ષી યોજનાઓ સહિત નાગરિકોના આરોગ્યના જતન સાથે જોડાયેલું ગુજરાતનું બજેટ



ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે રાજ્ય વિધાનસભામાં નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે રુજ કરેલા ગુજરાત સરકારના બજેટમાં બરોજગાર યુવાનોને, ખેડુતોને તેમજ આરોગ્યવિષયક સેવાઓનું ફલક વિસ્તારીને રાજ્યની ગરીબ-મધ્યમ વર્ગની પ્રજાને ખુશ કરવાનો પ્રયત્ન કર્યો છે.પરમિટથી વેચાતા તથા વિદેશથી આયાત થતાં દારુ-બિયર ઉપર એકસાઇઝ ડ્યુટી તથા ફી વધારીને રુ.૧૦૬.૩૨ કરોડની નવી આવક ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.આ સિવાય બજેટમાં કોઇપણ ચીજવસ્તુ પર કરવેરો નાંખવામાં આવ્યો નથી.

બજેટમાં બેરોજગારી અંગે યુવાનોમાં પ્રવર્તતી હતાશાને ખંખેરવા માટે, તેમજ ખેડુતોની લાગણીઓ પર મલમ લગાવવા માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.નવી એપ્રેન્ટીસ યોજના જાહેર કરવામાં આવી છે. જે હેઠળ ૧ લાખ યુવાનોને જે તે ખાનગી કંપનીઓ તરફથી પગાર ચુકવાશે.ખેડુતોને ત્રણલાખના ઋણ ઉપર વ્યાજ માફ કરાશે. જ્યારે આરોગ્ય ક્ષેત્રે મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં અને મા વાત્સલ્ય યોજનામાં આવક મર્યાદા અઢી લાખથી વધારીને ત્રણ લાખ કરવાની અને સારવાર ખર્ચ ૨ લાખની મર્યાદાથી વધારીને ૩ લાખની કરાઇ છે.આમ જનતાને ખુશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જો કે મોંઘવારીમાં પીસાતી રાજ્યની જનતા ઉપર બીજા હવે બોજા નાંખી શકાય તેમ નથી.તેથી માત્ર દારુ પીનારા પણ બોજો નાંખવાનો પ્રયત્ન કરાયો છે. પરંતુ તેનાથી સરકારની તિજોરીને કોઇ વિશેષ લાભ થશે નહીં.રોજગારીમાં યુવાનો લાભ મળશે તેમ લાગે છે.

## કાનપુરની એક રાષ્ટ્રીયકૃત બેન્ક સાથે રુ.૩૦૦૦કરોડની ઠગાઇ આચરાયાનો કિસ્સો બહાર આવ્યો

દેશની રાષ્ટ્રીયકૃત બેન્કો સાથે ઠગાઇનો વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. કાનપુર સ્થિત વિક્રમ કોઠારી પર આક્ષેપ મુકવામાં આવ્યો છે કે તેમણે પાંચ રાષ્ટ્રીયકૃત બેન્કોને રુ.૩૦૦૦ કરોડનો ચુનો લગાવ્યો છે.વિક્રમ કોઠારીએ આ રકમમાંથી એક પણ પૈસો બેન્કને પરત કર્યો નથી.જ્યારે આ મુદ્દો બહાર આવ્યો ત્યારે શરુઆતમાં તે રુ.૫૦૦ કરોડનો હતો. પરંતુ ત્યારબાદ આઆંકડો વધીને રુ. ૩૦૦૦ કરોડને આંબી ગયો હતો.મુંબઇના નીરવ મોદીથી થોડો અલગ પડતો કેસ છે.જેમાં રોમોટેક કંપનીના માલિક વિક્રમ કોઠારીએ બેન્ક પાસેથી લીધેલા નાંણાં પરત ન કરવાનો આરોપ છે.

વાસ્તવિકતા એ છે કે કોઠારીએ પોતાની સંપત્તિ અધિક દર્શાવીને તેમજ કેટલાક અધિકારીઓની મદદથી બેન્ક પાસેથી કરોડો રુપીયાની લોન લીધી હતી.જ્યારે લોન ચુકવવાનો સમય આવ્યો ત્યારે તેમના ખિસ્સા ખાલી થઇ ગયા હતા.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પંજાબ નેશનલ બેન્કના કૌભાંડ બાદ વિક્રમ કોઠારીનું કૌભાંડ બહાર આવ્યુ.દેશમાં કહેવાતા મોટા ગજાના ઉદ્યોગપતિઓ બેન્ક પાસેતી કરજ લઇને પાછુ નહી ચુકવવામાં માહેર છે.છેલ્લા બે દાયકાના બેન્કોમાં વધી ગયેલા એનપીએની પાછળનો મુખ્ય આધાર આવા ઉદ્યોગપતિઓ દ્વારા લેવાયેલ લોન અને નહિં ભરાયેલ હપ્તા. અને પાછળથી બેન્કો દ્વારા માંડવાડ ખાતે નાંખી દેવાયેલ મોટી રકમો.એનપીએની જે રકમો બોલે છે તે જોઇને આપણને એવું લાગે કે આ બધાં નાણાંનો વહીવટ કોણે કરી નાંખ્યો.દેખીતી રીતે સ્પષ્ટ જોઇ શકાય કે મામાનું ઘર માં પીરસનારી અને ભાણીયા ખાનારા , બાકી કંઇ ના રહે.તે ઉક્તિ પ્રમાણે આ બધી રકમો ચવાઇ ગઇ.બેન્કના અધિકારીઓની મીલી ભગત,રાજકારણીઓનો સંગાથ અને ઉદ્યોગપતિઓની મેલી રમતે બેન્કોને નવડાવી કાઢી છે.બેન્કોની મુડી તો દેશના બચતકારો દ્વારા બેન્કમાં મુકાયેલી થાપણો જ હતી જેનો ગેરવહીવટ થયો છે.

નીરવ મોદીએ કહ્યુ કે તમે મારી પર ખોટા આરોપો મુક્યા અને મારી આબરુ ખરડાઇ જેથી હવે મારી પાસે ભરપાઇ કરવા માટે નાણાં બચ્યા નથી.જેથી હું આ રકમ ભરી શકીશ નહીં.મોદીનો વકીલ પણ આજ રીતે સમજાવે છે કે એવા કોઇ પુરાવા નથી કે જેથી મોદી સામે આ કૌભાડ તમે સિધ્ધ કરી શકો અને ગુનેગાર ઠેરવી શકો.ખરેખર દેશના સત્તસ્થાને વકીલોને બેસાડવા જોઇએ નહીં કારણકે તેઓ ગુનેગારોને આશ્રય આપે છે અને દલીલો દ્વારા તેમને બચાવવાની કોશીશ કરે છે.દેશમાં થયેલા મોટામસ કૌભાડને બેન્કના અધિકારીઓની વહીવટી નિષ્ફળતા કહીને નાણાં મંત્રીએ વકીલની ભાષા વાપરીને સરકાર પરનો ગાળીયો દુર કરી દીધો.સરકારી નિષ્ફળતાઓમાં આજ રીત રસમ વપરાય છે.નાણામંત્રીની જગાએ રક્ષા મંત્રી જવાબ આપે છે.આને ગુડ ગર્વનન્સ નો શિરપાય અપાયછે.દેશની જનતાને બેવકુફ બનાવવાની અજીબો ગરીબ તરકીબો શીખવી હોય તો તેના માટે આ સરકાર પુરતી છે.કોગ્રેસ જે તેના શાસનમાં નથી કર્યુ તે તેમણે કરી બતાવ્યું છે.

દક્ષિણ આફ્રિકાના મોસ્ટ વોન્ટેડ ગુપ્તાબંધુઓને ઉત્તરાખંડની સરકારે ઝેડ સુરક્ષા આપી.દક્ષિણ આફ્રિકામાં જેકબ ઝુમાના રાષ્ટ્રપતિપદ છોડવા પાછળ મુખ્ય કારણ રુપ બનેલા ભારતીય વ્યાપારીઓ ગુપ્તાબંધુઓને ઉત્તરાખંડની સરકારે આશ્રય આપ્યો અને સાથે સાથે ઝેડ પ્લસ સુરક્ષા.આપણા દેશના વ્યાપારીઓ દેશમાંથી કૌભાડ કરીને ભાગીને અન્ય દેશોમાં જઇને આશ્રય લે એજ રીતે ત્યાંથી ભારતીયો આવતા રહે.રાષ્ટ્રવાદની વ્યાખ્યાઓ આપનારા દેશદ્રોહની નવી વ્યાખ્યાઓમાં આ ઉમેરશે ? પરદેશમાં ગુનાઓ આચરીને આવનારા ભારતીયો સાચા દેશભક્તો છે. તેમને આવકાર આપવો અને સુરક્ષા આપવી.

કૌભાંડો કરીને દેશમાંથી ચાલ્યા જતા કેટલાક લોકો પાસે વિદેશની નાગરિકતાઓ છે.પત્નીઓની છે બાળકોની છે.પછી તમે કાયદા હેઠળ તેમનું શું બગાડી શકશો. વધુમાં રાજસત્તામાં બેઠેલા વકીલો આવા લોકોની દલાલી કરતા રહે પછી બાકી કશું રહે જ નહી.વિજય માલિયાએ દેશમાંથી ભાગી જતાં પહેલાં સત્તાસ્થાને બેઠેલા રાજકીય પક્ષને મોટી રકમનો ચેક લખી આપ્યો હતો.તેવું સમાચાર પત્રોમાં ફોટા સાથે પ્રસિધ્ધ થયું હતું.હવે માલિયાને કોણ લાવે ? લાવે તો કૌભાંડોમાં સંડોવાયેલા તમામના ચિઠ્ઠા ખુલી જાય ! કારણકે રાજકારણીઓએ માલીયા સાથે અનેક જલસાઓ કર્યા છે અને તે કૌભાંડો ખુલી જાય તો આબરુના કાંકરા થઇ જાય.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## પંદર રાજકીય પક્ષોના ૧૧૫ સાંસદોના હસ્તાક્ષર ધરાવતું આવેદન પત્ર જસ્ટીસ લોયા કેસમાં રાષ્ટ્રપતિને સુપરત

સીબીઆઇ જજ બ્રિજગોપાલ લોયા અને બે સહયોગીના મૃત્યુના કેસમાં નિષ્પક્ષ તપાસની માંગણી સાથે કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ૧૫ રાજકીય પક્ષો ના પ્રતિનિધિ મંડળે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત લઇને આવેદન પત્ર સુપરત કર્યુ હતું. જેમાં વિરોધપક્ષના નાતઓએ ૧૧૫ જેટલા સાંસદોએ હસ્તાક્ષર કરતાં આવેદનપત્ર સોપતાં માંગણી કરી હતી કે સુપ્રીમ કોર્ટના સીટીંગ ન્યાયમુર્તિના નેતૃત્વમાં વિશેષ તપાસ ટીમ(સીટ)ની રચના કરીને કેસની તપાસ કરાવવામાં આવે.

રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે સંખ્યાબંધ સાંસદોને શંકા છે કે ન્યાયાધીશ લોયાનું મૃત્યુ શંકાસ્પદ સંજોગોમાં થયેલું છે. કપિલ સિબ્બલે જણાવ્યુ હતું કે સીબીઆઇ અને એનઆઇએમાં વિશ્વાસ ના હોવાથી એસઆઇટી દ્વારા તપાસની માંગણી કરાઇ છે. આ મુદ્દે સવાલ ઉઠાવવામાં આવ્યો ત્યારથીજ વિરોધપક્ષ જજ લોયા કેસમાં નિષ્પક્ષ તપાસની માંગણી કરતો રહ્યો છે.આ મુદ્દાએ ન્યાયતંત્રમાં તિરાડ સર્જી છે.

## એનડીએના શાસનમાં અર્થતંત્ર નબળુ પડ્યું છે : ચિદમ્બરમ

પુર્વ યુપીએ સરકારના નાણાંમંત્રી પી.ચિદમ્બરમે એનડીએ સરકારે પોતના શાસનકાળમાં વિકાસ દર સારો રહ્યો હોવાના દાવા પછી એનડીએ સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે યુપીએના દસ વર્ષના શાસનથી ગ્રોથ રેટ સરેરાશ ઓછો છે.અને તેમાં ઘટાડો થઇ રહ્યો છે.ચિદમ્બરમે ટ્વીટ કરીને કહ્યુ હતું કે વિશ્વ બેન્કના પુર્વ મુખ્ય અર્થશાસ્ત્રી કૌશિક બસુએ કહ્યુ હતું કે ભારતનો વિકાસ દર ૩૦ વર્ષની સરેરાશથી ઓછો છે.પણ નાણાંમંત્રી અરુણ જેટલી કહી રહ્યા છે કે વિકાસ દર ઘણો સારો છે.તેમણે કહ્યુ હતું કે એનડીએના ચાર વર્ષની સરેરાશ શું છે ? એનડીએના વિકાસ દરની દિશા કઇ છે ? રોકાણ ? બચત ? તમામ મામલે ઘટાડો થઇ રહ્યો છે. નાણાંમંત્રી અરુણ જેટલીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યુ હતું કે ભારતીય અર્થવ્યવસ્થાએ એનડીએ સરકારે મે-૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી ઘણું સારુ પ્રદર્શન કર્યુ છે.તેમણે કહ્યુ હતું કે ભારતનો સરેરાશ વિકાસ અમારી સરકારના પ્રથમ ત્રણ વર્ષમાં ૭.૫ ટકા રહ્યો હતો. ભારતીય અર્થવ્યવસ્થા હવે ૨.૫ હજાર અબજ ડોલરની અર્થવ્યવસ્થા છે જે વિશ્વની સાતમી સૌથી મોટ અર્થવ્યવસ્થા છે.ટીકાકારોએ સ્પષ્ટ કરી દીધું છે.

## નામમાં શુ બળ્યું છે ?

અમે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે માસ્તર દૈનિક હાજરી પત્રકમાં વિદ્યાર્થીઓની હાજરી પુરતા. માસ્તર નામ બોલતા જાય અને વિદ્યાર્થીઓ 'હાજર ગુરુજી' તેમ બોલતા જાય. બાળપણમાં ગુરુજી નામો બોલતા હતા તે નામોનું સર્જન મા-બાપ,દાદા-દાદી,કે ફોઇ કે કોઇકે કર્યુ હોય છે. ગામનો તલાટી કમ મંત્રી સરકારી ચોપડે નામ નોંધે તે દિવસે માનવું કે બાળકનું નામકરણ વિધિ સમાપ્ત થઇ ગઇ છે.માનવીએ માનવીઓના જ નથી પ્રાણીઓના નામો પણ પાડ્યા છે એટલું જ નહીં ધરતી પર વસતા જીવજંતુઓ કે ચીજ વસ્તુઓને પણ છોડ્યા નથી. મારા આવાસની બાજુમાં રહેતા એક પાડોશી ભાઇએ પાળેલી કુતરીનું નામ સ્વીટી પાડ્યું છે. ફળિયામાં સ્વીટી આંટાફેરા મારે ત્યારે ફળિયાના બાળકો રાડો નાંખતા હોય છે. સ્વીટી આવી સ્વીટી આમ, બાળકોને જબરી મોજ પડી જાય છે.

પહેલાંના જમાનામાં અઠવાડિયાના વાર પ્રમાણે નામો પાડતા હતા.સોમવારે સોમભાઇ, મંગળવારે મંગળભાઇ, બુધવારે બુધિયો, ગુરુવારે ગુરુજી,શુક્રવારે સુકરાબેન અને શનિવારે શનિબેન અને રવિવારે રવિભાઇ. આ બધા નામોમાં મને શનિબેનનું નામનું સ્મરણ થાય છે.અમે છાત્રાલયમાં હતા ત્યારે સાંજે વેળાએ કકડીને ભુખ લાગે એટલે શનિબેન યાદ આવે. અમે રસોડાના વાંહે જતા અને બારીએ ધીમા સાદે કહેતા, બેન રોટલી આપોને ? બેન કોઇ જુએ નહીં એ રીતે ઝટ દઇને ગરમાગરમ એક રોટલી આપે. તે એક રોટલીના ચાર ભાગ પડતા તે ચાર મિત્રો વહેચીને ખાતા. આમ નિર્દોષ ગુનો સ્વીકારી અમે પેટનો ખાડો પુરતા.ગામની એક મહિલાએ રાનમાં બાળકીનો જન્મ આપ્યો આથી તેની દીકરીનું નામ 'રાનું' રાખ્યું. જે બાળક-બાળકી મા બાપની છત્ર છાયા ગુમાવે તેને દાદા-દાદી પાલન પોષણ કરે આથી તેનું નામ 'પોહનીયો' કે 'પોહની ' નામ પાડતા. આમ અવસ્થા,કાળ અને સંજોગો અનુસાર કેટલાક નામો પાડવામાં આવતાં.આજના નામો ખુબ અદ્યતન છે. આજનો વાલીવર્ગ બોલીવુડ અને ક્રિકેટરના નામોથી ખાસ્સો આકર્ષિત છે.એમાં ટી.વી.સીરીયલો ના નામો પણ ખરા જ. એને કેમ વિસરાય. આપણી આસપાસની સોસાયટીઓમાં અમિતાભને જોયો હશે, યુવરાજસિંહને ગલીઓમાં પ્લાસ્ટીકનો દડો રમતા જોયો હશે. અનુષ્કાબાઇને શાકભાજી કાપતા જાઇ હશે. ટી.વી.સીરીયલોના નામોનું અર્થઘટન કરીએ ત્યારે રસ્તે જતાં સ્પોર્ટસ બાઇક પર નૈતિકને જોયો હશે. મારી શાળામાં મે હર્ષ,ધ્રુવ,યશ,જીત,મીત અને પાર્થ જેવા નામો વાળા વિદ્યાર્થીઓ લગભગ એક અરધી ટ્રક ભરાય જાય તેટલા ભણાવ્યા છે. તેનો મને રંજ નથી. પણ અનહદ આનંદ છે.આજે નામોમાં આધુનિકતા આવી ગઇ જુના નામોને જાકારો આપવામાં આવે છે અને આધુનિક નામોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવે છે. મનગમતું કે રુચે તેવું નામ પાડવું તે અતિ ઉત્તમ વાત કહેવાય પણ આજે નામ પ્રમાણે ગુણ જવલ્લે જ જોવા મળે છે.પ્રેમ હોય પણ તેનામાં લગીરેય પ્રેમ ના હોય. ઉત્તમભાઇ હોય પણ નોધવા જેવું ઉત્તમ કાંઇ ના હોય.

આઠેક વર્ષ પહેલાં હું મરિયમપુરા,પેટલાદ હતો.ત્યાં હાઇસ્કૂલ અને બોયઝ હોસ્ટેલ આવેલી છે. પેટલાદનું વર્ણન આપણે સફરુદીન ચાચાની ઘોડાગાડી પાઠમાં વાંચવા મળે છે. લેખિકાના વર્ણનને દાદ દેવી ઘટે. સિધ્ધિ તેને જઇ વરે જે પરસેવે નહાય. આ પંક્તિએ મને મરિયમપુરામાં ખુબ શીખવ્યું છે. ગૃહપતિ ,શાળામાં ભણાવવું, દેવળનું કામ, બેકને લગતું કામ આદિ કામો મારા શિરે હતાં. એક વાર દેવળમાં લગ્નવિધિ થવાની હતી. દેવળમાં લગ્નવિધિ થવાની હતી તે પુર્વે મે ચીજવસ્તુઓની ગોઠવણ કરી દીધી હતી અને દરવાજો વાસી દઇ તાળુ લગાળી મે ચાવી મારા ડગલાના ખિસ્સામાં રાખી દીધી.થોડી વારમાં જાનૈયાઓ આવ્યા. વરરાજાના પિતાએ દેવળ બંધ જોતા ફાધર પાસે પહોચી ગયા અને ચાવીની માંગણી કરી એટલે ફાધરે મારુ નામ સુચવ્યું અને કહ્યુ કે એમની પાસે મળશે.વરરાજાના પિતા મારી પાસે પહોચે તે પહેલા હું ફાધર પાસે પહોચી ગયો. મારુ નામ પેલા ભાઇને ગમ્યુ નહીં. પેલા ભાઇ સ્વગત બોલવા લાગ્યા કે જુના જમાનાનું નામ છે ? આવું કાંઇ નામ હોય ? ગામડીયા જેવું ? પેલા ભાઇના શબ્દો સાંભળીને મને મહાન નાટ્યકાર શેક્સપિયર યાદ આવી ગયા. શેક્સપિયરે કહ્યું છે કે નામમાં શું રાખ્યું છે ? પેલા ભાઇ એ વાતથી અજાણ છે કે જ્યાં વરઘોડો ઉભો છે તે આંગણો કોણ સફાઇ કરાવે છે અને કરે છે ? જાજરુ-બાથરુમનો ઉપયોગ જાનૈયાઓ કરે છે તે સ્વચ્છ કોણ રાખે છે ? બગીચામાં રંગબેરંગી ફુલોને જોઇને જાનૈયાઓ હરખાય છે,તેની માવજત કોણ કરે છે ?

માનવીના નામો ભલે આંતરરાષ્ટ્રીય હોય પણ આખરે માનવીનું નામ કરતાં તેનું કામ વધુ ચઢિયાતું હોય છે. માનવીની સુંદર ચહેરાથી નહીં આગવા ગુણો વડે ઓળખ બનતી હોય છે.આપણે ગુલાબના ફુલને ગમે તે નામ આપો એ એટલી જ ખુશ્બુ આપશે. મને મહાન નાટ્યકાર શેક્સપિયર મહદઅંશે સાચા લાગે છે કે આથી જ કહે છે કે નામમાં શું બળ્યું છે ?

મથુર વસાવા. ઉના.જી.સોમનાથ-ગીર

# બાબરી જમીનને મુદ્દે કોઇ સમાધાન નહીં : સમાધાન ઇસ્લામના પાયાના સિધ્ધાંતનો ભંગ કરશે

અખિલ ભારતીય મુસ્લીમ પર્સનલ બોર્ડ(એઆઇએમપીએલબી) એ અયોધ્યા ખાતે બાબરી મસ્જીદની જમીનના મુદ્દે કોઇપણ પ્રકારના સમાધાનની શક્યતાને નકારી કાઢતાં જણાવ્યુ હતું કે સમાધાનની દિશાની હિલચાલ ઇસ્લામના પાયાના સિધ્ધાંતનો ભંગ કરશે.હૈદ્રાબાદ ખાતે શરુ થયેલા એઆઇએમપીએલબી ત્રીદિવસીય સંમેલનના ભાગરુપે જ મળેલી કારોબારી બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે બોર્ડ દ્વારા ડિસે.૯૦ અને જાન્યુ.૯૩માં પસાર કરવામાં આવેલા ઠરાવોમાં કોઇ ફેરફાર નથી.અયોધ્યા ખાતે આવેલી મસ્જીદની જમીનને કોઇપણ રીતે વેચી ના શકાય કે ભેટમાં ના આપી શકાય. એક વાર જમીન સમર્પિત થઇ ગયા પછી તે અલ્લાહને અર્પણ થઇ ચુકી છે.

એઆઇએમપીએલબી કારોબારી સમિતિએ જણાવ્યુ હતું કે ભુતકાળમાં સમાધાન માટે થયેલા તમામ પ્રયાસ નિષ્ફળ થઇ ચુક્યા છે. અને ઇસ્લામના પાયાના સિધ્ધાંતોનું સમર્પણ કર્યા વિના સંભવ બને તેવું કોઇ સમાધાન બોર્ડને સુચવવામાં આવ્યુ નથી.બેંગ્લુર ખાતે શ્રી શ્રી રવિશંકરના નિવાસી કોર્ટ બહાર સમાધાન શોધવા મળેલી બેઠકમાં એઆઇએમપીએલબીની કારોબારી સમિતિના સભ્ય મૌલાના સલમાન નદવી સહિતના મુસ્લીમ સમુદાયના પ્રતિનિધિઓએ હાજરી આપ્યા પછી લખનઉ ખાતે એઆઇએમપીએલબીના પ્રવક્તા ઝફરયાબ જિલાનીએ જણાવ્યુ હતું કે બોર્ડના વલણમાં કોઇ ફેરફાર નથી. બોર્ડ આ કેસમાં માત્ર સુપ્રીમ કોર્ટે કોર્ટ બહાર સમાધાન શોધવા સુચવ્યા પછી બોર્ડે એપ્રિલમાં જ પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધુ હતું અને તે વલણમાં કોઇ ફેરફાર નથી.

મસ્જીદનું સ્થાન બદલવાનો વિકલ્પ સુચવનાર મૌલવી નદવી ગુસ્સાનો શિકાર બન્યા હતા.નદવીએ મુકેલા પ્રસ્તાવ પર એઆઇએમપીએલબીની બેઠકમાં મોટો વિવાદ થયો હતો.શ્રી શ્રી રવિશંકર સાથે વિવાદ કોર્ટ બહાર સુલઝાવવા માટે મળેલી બેઠકમાં મૌલાના નદવી હાજર રહ્યા હતા.નદવીએ સુચવ્યુ હતું કે અયોધ્યામાં વિવાદિત સ્થાનથી દુર એક શાનદાર મસ્જિદ અને યુની.બનાવવામાં આવે. મૌલાના નદવી દ્વારા સુચવવામાં આવેલા આ વિકલ્પ સામે સંખ્યાબંધ મુસ્લીમ મૌલાના અને નેતાઓએ વાંધો લીધો હતો.તેમણે નદવીએ સુચવેલી ફોર્મ્યુલા ફગાવી દીધી હતી.

જમિયતે ઉલેમા-એ હિંદના અધ્યક્ષ મૌલાના અરશદ મદનીએ કહ્યુ હતું કે નદવી અયોધ્યા પર મુસલમાનોના દાવાને નબળો કરી રહ્યા છે.તેમણે નદવી વિરુધ્ધ કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.બોર્ડે સ્પષ્ટતા કરી ચુક્યું છે કે તેને કોર્ટનો ચુકાદો માન્ય છે.પછી નદવીએ આવા નિવેદન ના આપવા જોઇએ.

જ્યારે એઆઇએમઆઇએમના અધ્યક્ષ ઓવેશીએ કહ્યુ હતું કે મુસ્લીમોનું માનવું છે કે જે સ્થાને મસ્જીદ હતી ત્યાં હંમેશા મસ્જીદ જ રહેશે. એઆઇએમપીએલવીની બેઠક મળતાં પહેલાં ઔવેસીએ કહ્યુ હતું કે મુસ્લીમ પર્સનલ લો બોર્ડ આ લાઇન પર વિચારણા કરશે. જો કે કોર્ટ બહાર સમાધાન શોધવા પાછળનો હેતુ સ્પષ્ટ થઇ ગયો છે કે કોર્ટનો ન્યાય બધાને સ્વીકાર્યના હોય તેમ આવવાનો છે.કોર્ટે સ્પષ્ટ કરી દીધુ છે કે તેઓ મંદિર-મસ્જીદ વિવાદ,આસ્થા કે ધર્મ, કે રાજકારણ પ્રેરિત દબાણને ધ્યાને લેશે નહીં. માત્ર જમીન અંગેના વિવાદનો જ માત્ર ઉકેલ આપશે.

# અયોધ્યા કેસને જમીનવિવાદના સંદર્ભમાં જ મુલવાશે : સુપ્રીમ કોર્ટ

બાબરી મસ્જીદ-રામજન્મભુમિ ટાઇટલે વિવાદ કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટ સમક્ષના પક્ષકારોને સુપ્રીમ કોર્ટે જણાવી દીધું હતું કે તેઓ તેમના દ્વારા રજુ થયેલા દસ્તાવેજોની અંગ્રેજીમાં અનુવાદિત નકલો બે સપ્તાહમાં રજુ કરે.મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની વિશેષ બેન્ચે ૧૪ માર્ચના રોજ તે સુનાવણી હાથ ધરશે તેમ કહેતા સ્પષ્ટતા કરી હતી કે કોર્ટ દૈનિક ધોરણે સુનાવણી હાથ ધરવા ક્યારેય ઇરાદો સેવ્યો નથી.ન્યાયમુર્તિ અશોકભુષણ અને એસ.એ.નઝીરની બેન્ચે સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે કેસને કોર્ટ આસ્થા નહીં પણ માત્ર જમીન વિવાદ કેસના રુપમાં જોશે.એક પક્ષકારે કહ્યુ હતું કે કોર્ટે ૧૦૦ કરોડ હિંદુઓની ભાવનાનું ધ્યાન રાખે પ રંતુ સુપ્રીમે સ્પષ્ટતા કરતાં કહ્યુ હતું કે તે રાજકીય અને ભાવનાત્મક દલીલો નહીં સાંભળે. કેસ સાથે સંકળાયેલો સદીઓ જુનો ઇતિહાસવિવાદ કેસમાં મહત્વનો નથી.સ્પષ્ટ છે કે અદાલત ૨.૭૭ એકર જમીન અંગેના બાબરી મસ્જીદ-રામ જન્મભુમિ વિવાદ પર જ ધ્યાન કેન્દ્રીત કરશે.કોર્ટે કહ્યુ કે મુખ્ય પક્ષકારો નિર્મોહી અખાડા,રામલલા બિરાજમાન અને સુન્ની વકફ બોર્ડની દલીલો સૌ પ્રથમ સાંભળશે.તેમણે એમ પણ કહ્યુ કે હાઇકોર્ટ સમક્ષ જે લોકો પક્ષકાર હતા તે સિવાયના અન્ય પક્ષકારોને સાંભળવામાં આવશે નહીં.જે પક્ષકારો મૃત્યુ પામ્યા છે તેમના નામ દુર કરવા સુપ્રીમે જણાવ્યુ હતું.સુપ્રીમની સુચનાને પગલે હાશિમ અંસારીનું નામ પક્ષકારમાંથી દુર થશે. સ્પષ્ટ છે કે રામમંદિર વિવાદ મુદ્દે હવે નવા કોઇ પક્ષકાર સામેલ કરવામાં આવશે નહી. સુપ્રીમ કોર્ટ કેસના પક્ષકારોને પહેલેથી જ કહી ચુકી છે કે કેસની ફાઇનલ સુનાવણીનો ૮ ફેબ્રુઆરીથી આરંભ કરશે.સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં આ કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૦માં આપવામાં આવેલા ચુકાદા સામે સીવીલ અપીલ સાંભળવા સહમત થઇ હતી.

હાઇકોર્ટે ચુકાદો આપ્યા પછી કેસના તમામ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં સ્પેશીલય લીવ એપ્લીકેશન દાખલ કરી હતી.તે અરજીઓ સુપ્રીમ કોર્ટમાં છ વર્ષોથી પડતર છે. ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીના રોજ ભાજપીનેતા સ્વામી પણ આ કેસમાં પક્ષકાર બન્યા હતા. સ્વામીએ રામમંદિર નિર્માણ માટે અરજી દાખલ કરી હતી.

અલ્હાબાદ હાઇકોર્ટની ત્રણ જજની બેન્ચે ૩૦ સપ્ટે.૨૦૧૦ના રોજ અયોધ્યા ટાઇટલ વિવાદમાં ચુકાદો આપ્યો હતો. ચુકાદો આપતાં કહેવામાં આવ્યુ હતું કે ૨:૧ એમ બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે ત્રણ પક્ષકારો ,સુન્ની વકફ બોર્ડ,નિર્મોહી અખાડા અને ડેઇટી રામલલાને વચ્ચે જમીનની સરખા પ્રમાણમાં વહેચણી કરવામાં આવે.રામલલા બિરાજમાન છે ત્યાં રામલલાને બિરાજમાન રાખવામાં આવે.સીતા રસોઇઘર અને રામચબુતરો નિર્મોહી અખાડાને સોંપવામાં આવે અને બાકીની એક તૃતીયાંશ જમીન સુન્ની વકફબોર્ડને સોંપવામાં આવે.

કેસમાં સુપ્રીમ સમક્ષ પુરાવા રુપે ગીતા અને રામાયણ જેવા પુસ્તકો પણ રજુ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં આ દસ્તાવેજો સબંધમાં પણ ચર્ચા થઇ. કોર્ટે ગીતા અને રામાયણના પણ અંગ્રેજી અનુવાદ માંગ્યા હતા.ઉલ્લેખનીય છે કે ૧૧ ઓગષ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં સાત વર્ષ પછી આ કેસની સુનાવણી થઇ હતી.કોર્ટે કહ્યુ હતું કે સાત ભાષા ધરાવતાં દસ્તાવેજોનો પહેલાં તો અનુવાદ કરવામાં આવે. આ કેસના ૯૦૦૦ પાનાના દસ્તાવેજ અને ૯૦ હજાર પાનામાં દાખલ થયેલા સાક્ષીના નિવેદનો પાલી,ફારસી,સંસ્કૃત અને અરબી સહિત વિવિધ ભાષામાં છે. સુન્ની વકફ બોર્ડે દસ્તાવેજના અનુવાદની માંગણી કરી હતી.

સુપ્રીમ કોર્ટે જે પ્રકારે સ્ટેન્ડ લીધું છે તે પ્રમાણે તેઓ માત્ર ને માત્ર જમીન વિવાદના નિરાકરણ બાબતે જ પોતાનો ચુકાદો આપશે.તેમણે સ્પષ્ટતા પણ કરી છે કે કોઇપણ રાજકીય કે ધાર્મિક આસ્થાનો આમાં લેશમાત્ર સમાવેશ થશે નહી. ખરેખર તો મંદિરનો મુદ્દો માત્ર ને માત્ર આસ્થાની ઉપર જ ટકેલો છે અને તેના નામે તો છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય રમતો ચાલી રહી છે. હિદુઓને આ મંદિરના નામે એકઠા કરીને તેમની લાગણીઓને ઉશ્કેરીને જનમતનો લાભ લેવાનો પ્રયત્ન કરીને સત્તા હાંસલ થયેલી છે.

# ગૌહત્યા જોઇશું ત્યાં ગોળી મારી દઇશું : ગૌરક્ષકોનું વિવાદિત નિવેદન

નવી દિલ્હીના રામલીલા મેદાનમાં ચાલતા ગૌ માતા પ્રતિષ્ઠા આંદોલનમાં સામેલ એક નેતાએ વિવાદિત નિવેદન આપ્યું હતું.રાજસ્થાન ગૌરક્ષા કમાન્ડો ફોર્સના અધ્યક્ષ એસએસ ટાઇગરે મંચ પરથી કહ્યુ હતું કે જ્યાં પણ ગાયની હત્યા થતી જોવામાં આવશે ત્યાં જાહેરમાં ગોળી મારી દઇશું.તેમણે કહ્યુ હતું કે અમને કોઇ કાયદો કે બંધારણની પરવા નથી.જ્યાં ગાય કપાશે ત્યાં કસાઇ પણ કપાશે. ટાઇગરે કહ્યુ હતું કે તમને લોકોને એ દેખાતું નથી કે ગાયોની હત્યા થઇ રહી છે. મંત્રી અને નેતા મુંગા બની ગયા છે.પણ આપણે શું કરીશું. જો આપણી માતા સાથે કોઇ અત્યાચાર કરશે. તેમણે કહ્યુ કે અમારા માતાને કોઇ કાપશે તો અને તેને છોડીશું નહી.

અમે સંતોના આદેશની રાહ જોઇ રહ્યા છીએ.તેમણે કહ્યુ હતું કેજો મોદીજી ગૌમાતાને રાષ્ટ્રીય પ્રાણી નહીં બનાવે અને ગૌહત્યા પર સંપુર્ણ પ્રતિબંધ નહીં લગાવે તો જ્યાં પણ ગૌહત્યા જોઇશું ત્યાં જાહેરમાં જ ગોળી મારી દઇશું.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ઇવેન્જલીકલીસ્ટ ડૉ.બિલી ગ્રેહામનું ૯૯ વર્ષે અમેરિકામાં નિધન



ડૉ.વિલિયમ ફ્રેન્કલીન ગ્રેહામ નો જન્મ તા. ૭ નવેમ્બર,૧૯૧૮માં થયો હતો અને તેમનું મરણ તા.૨૧મી ફેબ્રુઆરી,૨૦૧૮ના રોજ મોન્ટ્રીટ, નોર્થ કેરોલીના,અમેરિકા ખાતે થયું હતું.તેઓ એક અમેરીકન ઈવેન્જલીકલ ક્રિશ્ચિયન ઈવેન્જલીકલીસ્ટ હતા. તેમજ સાઉર્થન બેપ્ટીસ ચર્ચના દિક્ષિત મિનિસ્ટર હતા.તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રીચર હતા.૨૦મી સદીના સૌથી વધુ પ્રભાવશાળી વક્તામાં તેમનો સમાવેશ થતો હતો.અમેરિકન રાજકારણ ઉપરાંત અન્ય દેશોના રાજકારણીઓ પર પણ તેમનો પ્રભાવ હતો.અમેરિકન રાજકારણમાં તેમનું વર્ચસ્વ હતું. મોટાભાગના અમેરિકન પ્રેસિડેન્ટ સાથે તેઓના અંગત સબંધો હતા.

૧૯૪૭થી તેઓની કારકીર્દીની શરુઆત થઇ હતી.તેમણે ૪૦૦થી વધુ ક્રુસેડ ૧૮૫ જેટલા દેશોમાં કરી હતી.તેમની પ્રથમ ક્રુસેડ સપ્ટે.૧૩-૨૧ ૧૯૪૭માં થઇ હતી.તેમણે ટેલીવીઝન પ્રોગ્રામો,સીવીલ રાઇટ્સ મુવમેન્ટ,રીલીફ કાર્યો વિગેરે કર્યા હતા અને વિશ્વભરમાં તેમના ચેરીટી કાર્યક્રમો ચાલ્યા જ રહ્યા છે.તેમનું દેહાવસાન ૯૯ વર્ષની ઉંમરે થયું.ખ્રિસ્તી પ્રચારકો પૈકીના એક મહાન પ્રચારક ડો.બીલી ગ્રેહામના જીવનનો અંત આવ્યો છે.તેમના કુટુંબીજનો ને ઈશ્વર દિલાસો આપે.

# કમલ હસને જન નીતિ મોરચા(મક્કલ નીતિ મય્યમ)પક્ષની સ્થાપના કરી

દક્ષિણ ભારતના સુપર સ્ટાર કમલ હસને પોતાના નવા રાજકીય પક્ષનો શુભારંભ કર્યો હતો .તેમણે પક્ષનું નામ મક્કલ નીતિ મય્યમ રાખ્યુ હતું.આમ આ નામનો અર્થ જન નીતિ મોરચો. પક્ષના લોન્ચીંગ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પુર્વે હાસને રામેશ્વરમ ખાતે પુર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના પરિવારજનો અને સ્થાનિક માછીમારો સાથે મુલાકાત કરી હતી.તેમણે કહ્યુ હતું કે વર્તમાન અન્નાદ્રમુક સરકાર અયોગ્ય હોવાતી રાજકારણમાં આવ્યા છે.આ કારણસર જ આ પક્ષના કોઇ સભ્યને મળ્યા ના હોવાની સ્પષ્ટતા પણ કરી હતી.ડો.કલામને ઘેર પહોચીને પુર્વ અભિનેતા હાસને કમાલના ભાઇ-ભાભી અને કુટુંબીજનોની મુલાકાત કરી હતી.તેમણે કહ્યુ કે મહાનતા તો ઘરની સાદગીથી આવે છે.અહી પહોચીને તે વાતનો અહેસાસ થાય છે.તથા મ્યુઝીયમની મુલાકાત લીધી હતી.

કમલ હાસને તામિલનાડુના પ્રવાસ કાર્યક્રમનો આરંભ કરવાનું કહ્યુ હતું.કલ હમારા હે. નામે હાથ ધરાનારા આ લોકસંપર્ક કાર્યક્રમમાં હાસન વિવિધ વિધાનસભા વિસ્તારમાં પહોચીને લોકો સાથે સીધો સંપર્ક કરશે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# એપ્લોઇઝ પ્રોઇડંટ ફંડ દ્વારા ૨૦૧૭-૧૮ વર્ષ માટે વ્યાજ દરમાં ઘટાડો

મધ્યમવર્ગ અને નોકરિયાત ઉપર કેન્દ્રની સરકારે એક વધુ કોરડો ઝીંક્યો છે.એમ્પ્લોઇઝ પ્રોઇડંટ ફંડ ઓર્ગે. દ્વારા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે વ્યાજ દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.૨૦૧૭-૧૮માટે વ્યાજ દર ૮.૫૫ ટકા રાખવામાં આવ્યો હતો.આ વ્યાજદરમાં આ વર્ષે ૦.૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

દેખીતી રીતે સરકારનો આ નિર્ણય મધ્યમ અને નોકરીયાત વર્ગ માટે વધુ પરેશાન કરનારો છે.એ પહેલા એવી શક્યતા હતી કે વ્યાજદરને જાળવી રાખવામાં આવશે.આ માટેનું એક કારણ એવું હતું કે વર્તમાન વર્ષે ઇપીએફઓએ ઇક્વીટી પોર્ટફોલીયોમાં નફો કર્યો હતો.પરંતુ સરકાર નાની બચત પર ઓછું વ્યાજ ચુકવે છે તે બહાના હેઠળ આ થયું.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# પંજાબ નેશનલ બેન્ક કૌભાંડ બેન્કના મેનેજમેન્ટની નિષ્ફળતા, ઓડિટર્સ શું કરતા હતા ? : નાણાંમંત્રી અરુણ જેટલી ઉવાચ



પંજાબ નેશનલ બેન્કનું કૌભાંડ દેશભરમાં ગાજી રહ્યું છે ત્યારે છેલ્લા દસ દિવસથી ચાલી રહેલા કૌભાંડ ઉપર નાણાંમંત્રીએ પ્રકાશ પાડતાં કહ્યુ હતું કે પીએનબી કાંડથી અંતર જાળવતા તેમણે જણાવ્યુ હતું કે આ કૌભાંડ બેન્કના મેનેજમેન્ટની નિષ્ફળતા રજુ કરે છે.આ કેસમાં જે પણ દોષિત હોય તેમને પકડીને સજા કરવી જોઇએ. જો દોષિતો દેશ છોડી ભાગી ગયા હોય તો તેમને પણ પકડી લાવીને સજા કરવી જોઇએ.તેમણે એમ પણ કહ્યુ હતું કે આ કૌભાંડ મેનેજમેન્ટની સાથે સાથે ઓડિટર્સની કામગીરી ઉપર પણ સવાલ કરે છે. આંતરિક અને બાહ્ય રીતે થતાં ઓડીટીંગમાં આટલું મોટું કૌભાંડ બહાર જ ન આવ્યું તે નવાઇ વાત છે ખરેખર સીએ અને પ્રોફેશનલ્સે આ મુદ્દે આત્મનિરિક્ષણ કરવું જોઇએ.

# કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડો ભારતના પ્રવાસે આવ્યા

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડો ભારતના ટુંકા પ્રવાસે આવ્યા હતા. જેમાં તેમણે ગુજરાતની મુલાકાત લીધી હતી. અમદાવાદના ગાંધી આશ્રમ અને સ્વામી નારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. આ ઉપરાત તેઓ દેશના વિવિધ સ્થળોએ ગયા હતા.જેમાં આગ્રાના તાજમહેલની મુલાકાત પણ લીધી હતી.

ગુજરાતની મુલાકાત બાદ તેઓએ પંજાબની મુલાકાત લીધી હતી.પંજાબના મુખ્યમંત્રી સાથે બેઠક યોજીને ખાલિસ્તાનના મુદ્દે ચર્ચા કરી હતી.પંજાબના મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું કે પંજાબમાં અલગતાવાદી તાકાતને ઉશ્કેરવા માટે વિદેશી ફંડીગ આવી રહ્યું છે અને આ ફંડિગ કરનારાોમાં કેનેડામાં વસતા કેટલાક લોકોનો સમાવેશ થાય છે તેની જાણકારી આપી હતી.

પંજાબમાં હિંદુ નેતાઓની હત્યાની તપાસ કરી રહેલી એનઆઇએની ટીમ તરફથી કેટલાક ખુલાસાઓ જાણવા મળ્યા હતા.જેમાં જણાવાયું હતું કે પંજાબમાં અલગાવવાદી સંગઠનોને વિદેશથી નાણાં મળી રહ્યા છે.આ લોકોને ફંડ આપવા માટે અમેરિકા,યુ.કે,સિવાય કેનેડાના કેટલાક લોકો અને ખાલિસ્તાનના સમર્થકોનો સમાવેશ થાય છે.ટ્રુડોની કેબિનેટમાં ચાર શીખ મંત્રીઓનો સમાવેશ થાય છે. જેમાં હરજીતસિંહ સજ્જન પર ખાલિસ્તાની સમર્થન આપવાનો આક્ષેપ છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.